**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**
**છઠ્ઠો માળ, ગિફ્ટ વન, માર્ગ-૫-સી, ઝોન-૫,**
**ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫, ગુજરાત**
**ફોન નં. ૦૭૯ – ૨૩૬૦૨૦૦૦, વેબસાઇટ :** www.gercin.org

## જાહેર સુનાવણી માટેની નોટીસ

નામદાર આયોગ દ્વારા ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષિય પ્રશુલ્ક) વિનિયમો-૨૦૨૧ અંગેનો મુસદ્દો તથા સંબંધિત ખુલાસાત્મક પત્ર તા.૧૦.૦૮.૨૦૨૦ ના રોજ પ્રકાશિત કરી આયોગની વેબસાઇટ: www.gercin.org ઉપર મૂકવામાં આવેલ છે. ત્યારબાદ સદર બહુવર્ષિય પ્રશુલ્ક વિનિયમોના મુસદ્દાના મુખ્ય વિગતો/મુદ્દાઓ (ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં) આયોગની વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ છે. નામદાર આયોગે સદર વિનિયમોના સંબંધમાં રસ ધરાવનાર વ્યકિતઓ પાસેથી સૂચનો/ટિપ્પણીઓ/અભિપ્રાય મેળવવા હેતુસર તા.૧૦.૦૮.૨૦૨૦ ના રોજ જાહેર નોટીસ જારી કરવામાં આવેલ છે. ઉપરોક્ત બાબતના સંબંધમાં રજૂઆત/નિવેદન માટેની છેલ્લી તા.૧૪.૦૯.૨૦૨૦ રાખવામાં આવેલ છે.

તદ્દુપરાંત આ સંબંધમાં જાહેર સુનાવણી તા. ૧૮.૦૯.૨૦૨૦ ના રોજ ૧૧:૩૦ કલાકે વિડિઓ કોન્ફરન્સિંગ દ્વારા રાખવામાં આવેલ છે. ઉપરોક્ત બાબતે રસ ધરાવનાર વ્યક્તિઓ કે જેઓ જાહેર સુનાવણીમાં ભાગ લેવા માંગે છે, તેઓને તેમના નામ, મોબાઇલ નંબર તથા ઇ-મેઇલ ની માહિતી તા.૧૪.૦૯.૨૦૨૦ સુધીમાં efiling@gercin.org પર ઇ-મેઇલ કરીને મોકલી આપવા વિનંતી છે. વધુમાં, રસ ધરાવનાર વ્યક્તિઓ કે જે પોતાના સૂચનો/ટિપ્પણીઓ/અભિપ્રાય ની જાહેર સુનાવણી દરમ્યાન માન. આયોગ સમક્ષ રજૂઆત કરવા માંગતા હોય તો તેઓએ એ અંગે સ્પષ્ટ જણાવવાનું રહેશે અને તેમના રજૂઆત ની સોફ્ટ કોપી તા.૧૪.૦૯.૨૦૨૦ સુધીમાં efiling@gercin.org પર ઇ-મેઇલ કરી મોકલવાની રહેશે.

ગાંધીનગર -સહી-
તા. ૨૬/૦૮/૨૦૨૦ સચિવ, જીઈઆરસી